# IITમાં આઇસીટી વિષય પર વર્કશોપ

**અમદાવાદ** | આઈઆઈટી -ગાંધીનગર દ્વારા ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (આઈસીટી) વિષય પર યોજવામાં આવેલા બે દિવસના વર્કશોપમાં ગુજરાતની આઠ એન્જિ. કોલેજોના 30 અધ્યાપકોએ ભાગ લીધો હતો. 'આઈસીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કશોપઃ ટુવર્ડ્સ એ ડિજિટલ નેટવર્ક' નામથી યોજવામાં આવેલા આ વર્કશોપમાં વિવિધ એન્જિ. કોલેજોના અધ્યાપકો પોતાની કોલેજમાં અદ્યતન આઈસીટી સુવિધાઓ તૈયાર કરી શકે એવી તાલીમ આપવામાં આવી હતી.